હરિ ૐ આશ્રમ પ્રેરિત



# હાઉક

— રમેશ પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

પુસ્તક પંદરમું

# હાઈકુ

રમેશ પારેખ

૧૫

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

• પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

• © રમેશ પારેખ

• પ્રથમ આવૃત્તિ ૧૯૭૯ : પ્રત : ૧૧૦૦

• ફોટોગ્રાફ : નીરજ પારેખ

• આવરણ આયોજન અને ફોટોગ્રાફી : ગજેન્દ્ર ભટ્ટ

• કિંમત રૂ. ૨-૦૦

• મુદ્રક : કાન્તિભાઈ મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૧

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## પંદરમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂપિયા બાર હજારનું દાન બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્ભાવ, આદિ ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે એવી આકર્ષક શૈલીમાં લખાયેલી વાર્તાઓ, ચરિત્રો કે કથાકાવ્યો પ્રગટ કરવા માટે આપવામાં આવ્યું છે. નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી. રમેશ પારેખ લિખિત 'હાઉક...' પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

અમારાં આગળનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તિકા પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

મંત્રીઓ,

તા. ૩૧-૮-'૭૯ ગુજરાતી સાહિત્ય પરિષદ

□

## બાળપણાનું રૂસણું

જા. નથી પ્હેરવાં કપડાં
મારે નથી પ્હેરવાં
લે, ખમીસ...
લે, ચડ્ડી...
કપડાં નથી પ્હેરવાં...

પવન અને તડકો યે કપડાં ક્યાં પહેરે છે?
ક્યાં પહેરે છે ખમીસચડ્ડી નાગુંપૂગું ઝરણું?
જોને, ઝાડછાંયડી રોજ મળીને
ચોરસિપાઈ રમતાં,
ભણવા કોણ જાય છે?

ખિસકોલી ને મોર ચોપડી ક્યાં વાંચે છે?
ફળિયાનો ઊંઘણશી લીમડો સાવ ઠોઠ છે
તો ય કેટલો વ્હાલુડો છે?

પતંગિયાં તો આઘંઘમઆઘે જાય
વાદળાં નદીતળાવે ધૂબકેધૂબકે ન્હાય
એમને કોઈ વઢે છે?

બા, હું તારો નહીં નાનિયો
તું મારી બા નહીં.
તને જા, ઈટ્ટાકિટ્ટા.

મારે છેને, સાચુકલી બા પરી.
હું પ્હેરણુ ફેંકી દઉં, લે... ઠિંગો
દફતર ફેંકી દઉં, લે... ઠિંગો.

જોજે, દરજી પાસે પાંખ ઘડાવી
મને પરી બા દેશે
ત્યારે આ બંદાનો વટ પડવાનો
ઘંટ વગડશે તો પણ
ભણવા નહીં જાવાનું.

ખુબ્બંખુબ્બા તળાવમાં નહાવાનું.
કાળો ચોર થવાનું.
હાઉ કરીને તને રાતના બ્હીવરાવાનું.
જાદુમંતર છૂ થાવાનું.
તને થશે કે અરે, નાનિયો ક્યાં છે?
–ત્યારે આધ્ધમઆધ્ધે

વાદળ પાસે ઊડી જવાનું
ઊડતાં ઊડતાં થાકી જઉં તો
તરત પરી બાના ખોળામાં
ડાહ્યોમાહ્યો ઘસઘસ ઊંઘી જઉં.

□

# ક્રમ


- પકડદાવ ૧
- ચપટી વગાડતાં આવડી ગઈ ૨
- મારો પડછાયો ૩
- હાથીભાઈનો ફુગ્ગો ૪
- ચાંદરણું ૫
- ઊંઘણશી લીમડો ૬
- દરિયા પાસે જાવું છે ૭
- ફિલમ પાડવા બેઠા ૮
- વંડી ઉપર ૯
- બસ–બસ રમીએ ૧૦
- મ્યાઉં મ્યાઉં મ્યાઉં ૧૧
- ભોપો અને ટોપો ૧૨
- મોટ્ટો મોટ્ટો થાઉં ૧૩
- મારો ઘોડો ૧૪
- દેડકો બોલે ૧૫
- તરબૂચમાંથી ગામ ૧૬
- સાતવાર અને શરદી ૧૭
- જીવાજી ઊંદરડો ૧૮
- ફુગ્ગો અને કિટ્ટા ૨૦
- હું નાનો છું તો ય– ૨૧
- ખિસકોલી રમે ૨૨
- ઈટ્ટાકિટ્ટા અને બુચ્ચા ૨૩
- સરકસ આવ્યું ૨૫
- નેહાની ઢીંગલી ૨૭
- આંબો અને ચાર ચોર ૨૮


□

— અર્પણ

* બાળકોને....

* તમને....

## ▣ લેખકનાં અન્ય પ્રકાશનો ▣

- ☐ ક્યાં — કાવ્યો
- ☐ ખડિંગ — કાવ્યો
- ☐ ત્વ — કાવ્યો

હવે પછી —

- ☐ સ્તનપૂર્વક — ટૂંકી વાર્તાઓ
- ☐ સખ્ખડતો સખ્ખડતો — નવલકથા

બાળસાહિત્ય

- ☐ દે તાલ્લી — વાર્તાઓ

# પકડદાવ

એક હતું ઝાડ
એની એક ડાળ
ડાળે ફૂલ એક
એમાં હતી મ્હેક

મ્હેક કહે: 'એ ય...
તું ને હું બે ય
રમીએ રે આવ
પકડવા દાવ'

મેં કહ્યું: હા
તું દોડ જા
પ્હેલાં હું દઉં
પછી દાવ લઉં'

બંધ કરી આંખ
તાળી ગણું સાત
દોડી ગઈ મ્હેક
ઠેક ઠેકા ઠેક

પછી થયું શું?
ભૂલો પડયો હું
મ્હેક સંતાઈ
જડે નહીં કયાંય

મને લાગી બીક
તેથી આવી છીંક
નાકમાંથી ખર્યાં
મ્હેકબેન જડયાં

●

૧-૪-'૭૯/૨.

# ચપટી વગાડતાં આવડી ગઈ

બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ

મારી ચપ્પટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ
પેલી બિલ્લાડી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ

બા, મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ

તું કપડાં ધુએ ભલે ધબ્બ ધબ્બ ધબ્બ
હું પાણીમાં નહીં કરું છબ્બ છબ્બ છબ્બ
મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ ડબ્બ ડબ્બ

બા, મને મુન્ની રમાડતાં આવડી ગઈ
બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ

૨૧-૮-૭૮/મુ.

●

# મારો પડછાયો

આ મારો પડછાયો છે
જો ને મમ્મી, મારા જેવો એ પણ કેવો ડાહ્યો છે...
મારી સાથે ચાલે છે
મારી સાથે રમે છે
મારી સાથે કૂદે છે
મારી સાથે જમે છે
હું ય એને ગમું છું
એ ય મને ગમે છે
તું નવડાવે ત્યારે મારી સાથે એ પણ નાહ્યો છે.
હું જ્યારે ઊંઘું છું
ત્યારે એ ક્યાં જાય છે?
અંધારામાં શોધું છું
ત્યારે ક્યાં ખોવાય છે?
એની મમ્મી કોણ છે?
કોણ એનો ભાઈ છે?
કેમ કદી એ નથી બોલતો? શા માટે રીસાયો છે?

૨૫-૧૦-૭૮/શુ.

# હાથીભાઈનો ફુગ્ગો

હાથીભાઈ ફુગ્ગો ફુલાવવા બેઠા
અને ફુગ્ગો ફુલાવતાં ન આવડે
હાથીભાઈ રડતાં રડતાં બેઠા
અને ફુગ્ગો ફુલાવતાં ન આવડે

વાઘભાઈ આવ્યા : ભુર્ર્ર ભુર્ર્ર ભુર્ર્ર

વાઘભાઈ બોલ્યા કે રડ નહીં, આવ
હું તારો ફુગ્ગો ફુલાવી દઉં, લાવ
વાઘભાઈ ફુગ્ગો ફુલાવવા બેઠા
અને ફુગ્ગો ફુલાવતાં ન આવડે

સિંહભાઈ આવ્યા : ધુર્ર્ર ધુર્ર્ર ધુર્ર્ર

સિંહભાઈ બોલ્યા કે રડ નહીં, આવ
હું તારો ફુગ્ગો ફુલાવી દઉં, લાવ
સિંહભાઈ ફુગ્ગો ફુલાવવા બેઠા
અને ફુગ્ગો ફુલાવતાં ન આવડે

નીરજભાઈ આવ્યા: ધબ્બ ધબ્બ ધબ્બ
નીરજભાઈ બોલ્યા કે રડ નહીં, આવ
હું તારો ફુગ્ગો ફુલાવી દઉં, લાવ
નીરજભાઈ ફુગ્ગો ફુલાવવા બેઠા
એને ફુગ્ગો ફુલાવતાં ય આવડે.

●

૨૨-૨-૭૯/ગુ.

## ચાંદરણું

તડકાનું ચાંદરણું રે મને જડયું
ટચુકડું પાથરણું રે મને જડયું
ઝગમગ ઝગમગ થાતું રે મને જડયું
ખોબામાં ઝિલાતું રે મને જડયું
પોચું આખ્ખે આખ્ખું રે મને જડયું
એને હું કયાં રાખું રે મને જડયું
ખિસ્સામાં ના રહેતું રે મને જડયું
ખોબામાં ના રહેતું રે મને જડયું
પપ્પા વાંચે છાપું રે મને જડયું
મમ્મીને હું આપું રે મને જડયું

●

૩-૪-'૭૯/મં.

# ઊંઘણશી લીમડો

સાવ કેવો ઊંઘણશી છે ભાઈ, પેલો લીલોછમ લીમડો

તડકે તડકે ઝોકાં ખાય
છાંયે છાંયે ઝોકાં ખાય
આવો મોટો ઢગ્ગો તો ય
ઊભો ઊભો ઊંઘી જાય

ખાય નહીં, પીવે નહીં કાંઈ ભાઈ, પેલો લીલોછમ લીમડો

લીમડો ઊંઘે ને એનાં પાંદડાં ઊંઘે
પાંદડાં ઊંઘે ને એના છાંયડા ઊંઘે
છાંયડા ઊંઘે ને બધી ડાળી ઊંઘે
ડાળી ઊંઘે ને પેલો માળી ઊંઘે

કોઈ દી' ભણવા ન જાય ભાઈ, પેલો લીલોછમ લીમડો

લીમડો ઊંઘે ને એને સપનું આવે
પાંદડાં ઊંઘે ને એને સપનું આવે
છાંયડા ઊંઘે ને એને સપનું આવે
હું યે ઊંઘું ને મને સપનું આવે

સપનામાં કાળો દેખાય ભાઈ, પેલો લીલોછમ લીમડો.

●

૨૦-૯-'૭૮/ મુ.

# દરિયા પાસે જાવું છે

દફ્તર પાટી ફેંકી મારે દરિયા પાસે જાવું છે
વાડો વંડી ઠેકી મારે દરિયા પાસે જાવું છે

યાદ કરે છે દરિયો મારે દરિયા પાસે જાવું છે
સાદ કરે છે દરિયો મારે દરિયા પાસે જાવું છે

હૂગડકત્તી દોડી મારે દરિયા પાસે જાવું છે
લૈ કાગળની હોડી મારે દરિયા પાસે જાવું છે

હું દરિયાનો સાથી મારે દરિયા પાસે જાવું છે
દરિયો મારો હાથી મારે દરિયા પાસે જાવું છે

દરિયો ઝુલ્લમઝુલ્લા મારે દરિયા પાસે જાવું છે
દરિયો ખુલ્લમખુલ્લા મારે દરિયા પાસે જાવું છે

દરિયો મારી પાટી મારે દરિયા પાસે જાવું છે
ઘૂંટવી છે ઘુઘવાટી મારે દરિયા પાસે જાવું છે

●

૩૦-૩-'૭૯/શુ.

# ફિલમ પાડવા બેઠા

હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠા

મમ્મી પાસે દોરી માગી, પપ્પાની લઈ લૂંગી
પરદો બાંધી અમે બનાવી ફિલમ એની મૂંગી

દાદાજીના ચશ્માંમાંથી કાઢી લીધો કાચ
એમાંથી ચાંદરણાં પાડયાં પરદા ઉપર પાંચ

ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ

કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક
ઊંદરડીને ભાળી તેણે તરત લગાવી ઠેક

ઊંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી
બીક લાગતાં ચંદુ સાથે ચીસો મેં ય ગજાવી

દોડંદોડા ઉપર આવી પહોંચ્યાં મમ્મી–પપ્પા
ચંદુડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધપ્પા.

●

૧-૪-'૭૯/૨.

# વંડી ઉપર

વંડી ઉપર બંડી પહેરીને બિલાડીબેન આવશે
મૂછોને હલાવશે
પૂછડી પટપટાવશે
ચકલીને બોલાવશે
ચકલી કહેશે: ના, ના, ના...

વંડી ઉપર બંડી પહેરીને બિલાડીબેન આવશે
મૂછોને હલાવશે
પૂછડી પટપટાવશે
પોપટને બોલાવશે
પોપટ કહેશે: ના, ના, ના...

વંડી ઉપર બંડી પહેરીને બિલાડીબેન આવશે
ઝીણું ઝીણું બોલશે
ધીમે ધીમે ડોલશે
છોકરાંને બોલાવશે
છોકરાં કહેશે: જા, જા, જા...

●

૪-૪-'૭૯/શુ.

# બસ-બસ રમીએ

હું ને નેહા બસ-બસ રમીએ...
હું બનું ડ્રાઈવર
નેહા બને કંડકટર
બસ ચાલે ઘર્રર્ઘર
બેલ વાગે ટનટનટન...
હું ને નેહા બસ-બસ રમીએ...
ચલો મમ્મી, બેસી જાવ
બેગ લઈને બેસી જાવ
ચલો પપ્પા, બેસી જાવ
ટિકિટ લઈને બેસી જાવ...
હું ને નેહા બસ-બસ રમીએ...
મુંબઈ આવ્યું-ઊતરી જાવ
સૂરત આવ્યું-બેસી જાવ
છીંક બગાસાં ખાશો નહીં
તાજું તાજું ભૂસું ખાવ...
હું ને નેહા બસ-બસ રમીએ...

૫-૪-'૭૬/ગુ.

# મ્યાંઉં મ્યાંઉં મ્યાંઉં

બિલાડી, બિલાડી બોલ : મ્યાઉં મ્યાઉં મ્યાઉં
રમાડું રમાડું તને, આવ આવ આવ

પહેરી લે તું મારાં બુશકોટ ને ચડ્ડી
પછી ચાલ, રમીએ કબડ્ડી–કબડ્ડી
દોડી દોડી આપ તું દાવ દાવ દાવ

સ્કૂલ–સ્કૂલ રમીએ, ટીચર તું થા
ખુરશીમાં બેસ અને મીઠું મીઠું ગા
પછી કહેવાનું : ઘેર જાવ જાવ જાવ

ઝાંઝરીઓ પહેરીને રૂમઝૂમ ફર
દૂધ ખા, દહીં ખા, મ્યાઉં મ્યાઉં કર
ડાઘિયો હું થાઉં, કરું : હાઉ હાઉ હાઉ

●

૧૧–૪–'૭૯/બુ.

# ભોપો અને ટોપો

એક હતો ભોપો
તેણે પ્હેર્યો ટોપો
ટોપો હતો ખ્હૂ
તેમાં હતી જૂ

જૂ ભરે ચટકો
લાગે મોટો ઝટકો
તોય રાખે ટોપો
કાઢે નહીં ભોપો

ટોપો સાવ ગંદો
તેમાં એક વંદો
વંદો ફરે માથે
ટોપા સાથે સાથે

વંદો ભાળે જૂ
બોલે : સૂ સૂ સૂ
જૂને બીક લાગે
આમ તેમ ભાગે

જૂ સંતાય છે
વંદો ખિજાય છે
વંદો કાઢે ડોળા
કરે ખોળંખોળા

હડિયાપટ્ટી મચી
થાય ગલીપચી
ભોપો ખણવા બેઠો
ટોપો પડયો હેઠો

●

૧૫-૪-'૭૯/૨

# મોટ્ટો મોટ્ટો થાઉં

દોરાની હું દાઢી ચોડું, રૂની મૂછ બનાવું
તપેલીની ટોપી પહેરી દરશન કરવા જાઉં
મોટ્ટો મોટ્ટો થાઉં
દાદા બની જાઉં
ચશ્માં પહેરું, છાપું વાંચું, ડોળા કાઢું મોટા
ડાહ્યાડમરા થઈને બેસે તેના પાડું ફોટા
મોટ્ટો મોટ્ટો થાઉં
પપ્પા બની જાઉં
અંધારામાં ઊભો રહું ને બિલ્લીથી ના ડરું
હાથે હાથે નહાઈ લઉં ને ઝાઝું લેસન કરું
મોટ્ટો મોટ્ટો થાઉં
ભાઈ બની જાઉં
રાતે પાછો નાનકડો થઈ મમ્મી પાસે જાઉં
મારી વહાલી મમ્મીનો હું 'ડાહ્યો દીકો' થાઉં
નીરજ બની જાઉં
તરત સૂઈ જાઉં

●

૧૬-૪-'૭૯/સો.

# મારો ઘોડો

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો

ઘાસ દઉં તો ખાય છે
રાજી રાજી થાય છે
થોભાવું તો થોભે છે
દોડાવું તો દોડે છે
દડબડ દડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો

આખા ડિલે કાળો છે
તો પણ બહુ રૂપાળો છે
ચાબુકનું શું કામ છે?
ચેતક એનું નામ છે
એની ઉપર બેસું ત્યારે લાગું હું મૂછાળો

●

૩૦-૪-'૭૯/સો.

# દેડકો બોલે

દેડકો બોલે : ડરાઉં ડરાઉં
બોલે : ઉં વિંયું વિંયું ડરાઉં ડરાઉં
ઘરની સામે
નાના ખાબોચિયામાંથી બોલાવે મને : આવ આવ આવ
એક વરસાદ કાલ આવ્યો હતો
નાનું ખાબોચિયું લાવ્યો હતો
મને થતું કે દેડકા ભેગો–
હું યે ખાબોચિયામાં ન્હાઉં ન્હાઉં ન્હાઉં
દેડકો ઠેકે છે ઠેક ઠેક ઠેક
બોલે કે, ચોપડી ફેંક ફેંક ફેંક
લેસન બેસન કોણ કરે –
હું પાણીમાં રમવા જાઉં જાઉં જાઉં
દેડકો પાણીમાં ડૂબકાં ખાય
તો યે ન એને શરદી થાય
મમ્મી તું એવો મંતર શીખવાડ કે-
હું મોટો દેડકો થાઉં થાઉં થાઉં

●

૫–૫–'૭૯/શ..

# તરબૂચમાંથી ગામ

એક તરબૂચ લાવ્યા પપ્પા રાતુંરાતું રામ
ડગળી કાપી જોયું તો અંદરથી નીકળ્યું ગામ

ગામ વચ્ચે મહેલ એમાં તરબૂચની એક રાણી
બેઠી રાતાં કપડાં પહેરી, લાંબો ઘૂમટો તાણી

કાળાં કાળાં કપડાં પહેરી સિપાઈ પહેરો ભરતા
તરબૂચની રાણીને કરતા ઝૂકીઝૂકી સલામ

તરબૂચની રાણી બોલી કે, આવો નીરજ ભૈયા
ચલો, આપણે બેઉ નાચીએ સાથે તાતા થૈયા

નાચ્યાં, કૂદ્યાં, ગીતો ગાયાં, રાણી થઈ ગૈ ખુશ
તરબૂચની ત્રણચાર ચીરનું દીધું મને ઈનામ

એક તરબૂચ લાવ્યા પપ્પા રાતુંરાતું રામ
ડગળી કાપી જોયું તો અંદરથી નીકળ્યું ગામ

●

૬-૫-'૭૯/૨.

# સાતવાર અને શરદી

સોમવારે આઇસ્ક્રીમ ખાધો
મંગળવારે શરદી જી
બુધવારે ડૉક્ટર આવ્યા
નીરજભાઈ દરદી જી
ગુરુવારે ટિકડી ખાધી
શુક્રવાર ઇન્જેક્શન જી
શનિવારે સાજા થયા તો
રવિવારે લેસન જી

●

૬-૫-'૭૯/૨.

# જીવાજી ઊંદરડો

એક ઊંદરડો – ચૂંચૂંચૂં
એ ઘોઘર ઘરડો – ચૂંચૂંચૂં
એનું નામ જીવાજી – ચૂંચૂંચૂં
કરે ગરબડ ઝાઝી – ચૂંચૂંચૂં

કપ્પડ કાપે
લક્કડ કાપે
પોચું કાપે
કઠ્ઠણ કાપે

એના દાંત કે કરવત – ચૂંચૂંચૂં
એ તો ખોદે પરવત – ચૂંચૂંચૂં

લાડુ ભાવે
લસ્સી ભાવે
પાપડ ભાવે
બિસ્કુટ ભાવે

પણ ક્યાંથી લાવે ?—ચૂંચૂંચૂં
એને રડવું આવે—ચૂંચૂંચૂં

ઘરમાં કૂદે
દરમાં કૂદે
નીચે કૂદે
અધ્ધર કૂદે

જ્યાં બિલ્લી ઘૂરકે—ચૂંચૂંચૂં
ત્યાં કદી ન ફરકે—ચૂંચૂંચૂં

●

૨૦-૮-'૭૮/મુ.

# ફુગ્ગો અને કિટ્ટા

કપ્પે કાજી
પપ્પા રાજી

દુપ્પે દુગ્ગો
લાવ્યા ફુગ્ગો

તિપ્પે તારો
લાંબો દોરો

ચોપ્પે ચૂંચો
ઊડે ઊંચો

પિચાક પીલ્લી
વાગી ખીલ્લી

છિકાક છૂટે
ફુગ્ગો ફૂટે

સિતાક સીલ્લા
મોઢાં વીલાં

ઈઠાક ઈજે
મમ્મી ખીજે

નિવાક નૂંટી
ભરતી ચૂંટી

દિસાક દડતાં
આંસુ પડતાં

બિચ્છા લીધી
કિટ્ટા કીધી

૬-૫-'૭૯/૨.

# હું નાનો છું તો ય–

મમ્મી નાની હત્તી ત્યારે હત્તી સાવ બુધ્ધુ
પાણીને એ 'ભૂ' કહેતી ને દૂધને કહેતી 'દુધ્ધુ'

પપ્પા નાના હત્તા ત્યારે હત્તા સાવ ભોટ
બૂટ પહેરે માથા ઉપર, પગમાં પહેરે કોટ

કાકા નાના હત્તા ત્યારે હત્તા રોતલ સાવ
કીડી ભાળી રડી પડે ને બોલે : આવ્યું બાવ...

નેહા નાની હત્તી ત્યારે ખૂબ ઊંઘણશી હત્તી
ફરવા નીકળે ત્યારે ઊભી ઊભી ઊંઘી જત્તી

હું નાનો છું તો ય આવડે મને પહેરતાં ટોપો
હું છું નીરજભાઈ મારું નામ નથી કૈં ભોપો.

●

૬–૫–'૭૯/ર.

# ખિસકોલી રમે

મારા ફળિયે આવીને ખિસકોલી રમે
લાંબી પૂછ હલાવીને ખિસકોલી રમે

ચપચપ ખાતી દાણા રે ખિસકોલી રમે
કરતી તાણુમતાણા રે ખિસકોલી રમે

મોઢું કરતી ઊંચું રે ખિસકોલી રમે
બોલે–ચૂંચૂં ચૂંચૂં રે ખિસકોલી રમે

વંડી ઉપર ચડતી રે ખિસકોલી રમે
બીજી મળે તો લડતી રે ખિસકોલી રમે

ચટ્ટાપટ્ટા પીઠે રે ખિસકોલી રમે
સુંદર લાગે દીઠે રે ખિસકોલી રમે

●

૧૨–૫–'૭૯/શ.

# ઇટ્ટાકિટ્ટા અને બુચ્ચા

નેહા અને નીરજભાઈને
ઇટ્ટાકિટ્ટા થાતાં
રમકડાંનો ભાગ પાડવા
તરત જ બેસી જાતાં

નીરજભાઈ ફટફટ ફૂટતી
બંદૂકડી લઈ લેતા
ચૂચૂં કરતી ગોળ ઢીંગલી
નેહાબેનને દેતા

નેહાબેને વાજું લીધું
પમપમ પમપમ પમ
નીરજભાઈને મળ્યા ભાગમાં
પોલિસ ને પડઘમ

નેહાબેનને ટ્રેન નીરજભાઈને
ઊડતો કૂકડો
ઉપર નાનકડી સીટ્ટી
રંગીન કાચનો ટુકડો

ભાગ પાડતાં છેલ્લે
આવ્યો ચોકલેટનો વારો
નેહા બોલી: 'ચોકલેટનો
આખ્ખો ડબ્બો તારો

બિસ્કુટ તારાં, હીંચકો તારો
અને સાઇકલ તારી
એના બદલામાં હું લઉં
આ મમ્મી-મમ્મી મારી!'

નીરજ બોલ્યો: 'બધાં રમકડાં
હું આપું તું લઈ જા
હું મમ્મીને રાખું-નહીંતર
ચાલ, 'બુચ્ચા' થઈ જા'

●

૧૫-૫-'૭૯/શ.

# સરકસ આવ્યું

સરકસ આવ્યું, સરકસ આવ્યું, સરકસ આવ્યું રે
ભાતભાતની જાતજાતની નવાઈ લાવ્યું રે

અધ્ધધ્ધધ્ધ બાંધ્યો તંબૂ
નવા નવા છે ખેલ
ચાલો, સરકસ જોવા પપ્પા
આજે કરીએ સ્હેલ

એક વાંદરો માણસ જેવો
ટેબલ ખુરશી માંડી
ચશ્માં પહેરે, છાપું વાંચે
એની પૂછડી બાંડી

રીંછ ગુલાંટો ખાતું ખાતું
હીંચકે, ઊંધું થાય
શીંગદાળિયા આપો તો એ
માણસ પેઠે ખાય

પંદર હાથી આવે ત્યારે
ખૂબ પડે છે ગમ્મત
દડો ઉછાળી હાથી રમતા
ફૂટબોલની રમ્મત

દડબડ દડબડ ઘોડા આવે
ચક્કર ચક્કર દોડે
ઉપર ડગમગ ઊભો માણસ
ફટફટ બંદૂક ફોડે

પછી સિંહનો ખેલ-સિંહ તો
જાણે સાવ બિલાડી
માણસ એને ખેલ કરાવે
ને પહેરાવે સાડી

ઊંચે ઊંચે માણસ ઝૂલતા
સરખા સરખા લાગે
કોઈ નીચે પડી જાય તો
તરત હાડકાં ભાંગે

એક ડાગલો ઠીંગુમીંગુ
એક ડાગલો લંબૂ
એક ડાગલો જાડોપાડો
એક ડાગલો ચંબૂ

બધા ડાગલા પટપટિયાથી
એક બીજાને મારે
ફટાક કરતો થાય ફટાકો
હસવું આવે ત્યારે

૧૦-૫-'૭૯/ગુ.

# નેહાની ઢીંગલી

કાલ નેહાની ઢીંગલી રડતી'તી
ટપટપ આંસુ પાડતી'તી
કાલ નેહાની ઢીંગલી રડતી'તી

નીરજભાઈના રીંછે રંજાડી,
બચકું ભર્યું ને નીચે પછાડી,
ઢીંગલી દડદડ દડતી'તી
કાલ નેહાની ઢીંગલી રડતી'તી

નેહાબેને દાક્તર બોલાવ્યા,
નીરજભાઈ ટોપો પહેરીને આવ્યા,
ઢીંગલીની ચીસો પડતી'તી
કાલ નેહાની ઢીંગલી રડતી'તી

રીંછને મોટું ઈન્જેકશન માર્યું
ઢીંગલીને ફૂંક મારીને ઠાર્યું

નેહાબેન દવા ચોપડતી'તી
કાલ નેહાની ઢીંગલી રડતી'તી

દાક્તર ઢીંગલીને ચૉકલેટ દેતા
નેહાબેન ઢીંગલીને વારતા કહેતાં
રીંછની મજા બગડતી'તી
કાલ નેહાની ઢીંગલી રડતી'તી

●

૧૧-૫-૭૯/સુ.

## આંબો અને ચાર ચોર

આજ મેં આંબો વાવ્યો
કાલ આવ્યા મોર
લૂંબઝૂંબ કેરી ભાળી
આવ્યા ચાર ચોર

એક ચોર ચડયો
તે ડાળીએથી પડયો
ખૂબખૂબ વાગ્યું
તો પોકેપોકે રડયો

બીજો ચોર હું કે
પથરાઓ ફેંકે
ખૂબખૂબ થાકયો
ન કેરી મળી એકે

ત્રીજો કહે દોડી:
હું કેરી લઉં તોડી
ખૂબખૂબ દોડયો
ન કેરી મળી થોડી

ચોથો કે' હું જાડો
આંબો પાડું આડો
ડાળ પડી માથે
તો એણે પાડી રાડો

અમે ગીત ગાઈએ
છાંયે બેસી જાઈએ
આંબો અમને કેરી આપે
રસપૂરી ખાઈએ

●

૧૬-૪-'૭૯/મં.

(અમદાવાદ જતાં બસમાં)

## ‘હાઉક’ની બહાર હાઉક……

નેહા અને નીરજ નવી વાર્તા કે નવા ગીત માટે હંમેશ તંગ કરે. હું ભણી ઊતરેલો તે બાળપોથી વગેરેનાં ગીત અને જોડકણાંથી ચલાવું. થોડો વખત ચાલ્યું. એ સ્ટૉક જૂનો થયો. અંતે બેએક બાળકાવ્યો લખ્યાં–લખવાં પડયાં.

એકવાર ઘનશ્યામ દેસાઈ સાથે બાળસાહિત્યની વાત નીકળી હતી મેં બાળકાવ્યો લખ્યાં છે તે જાણ્યા પછી એમણે એ સાંભળ્યાં. અને કહ્યું : ‘સરસ છે, વધુ લખો.’ તે કારણે વળી થોડું લખાયું.

આંતરરાષ્ટ્રીય શિશુવર્ષ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદે બાળ-સાહિત્ય પ્રકટ કરવા વિચાર્યું અને પરિષદ વતી રઘુવીર ચૌધરીએ બીડું ધરીને મને ઉઠાવવા ઉશ્કેર્યો. ઉઠાવ્યું. અનુભવે સમજાયું કે બીડું ઉઠાવવું જેટલું સહેલું હતું તેટલું જ તેને સાંગોપાંગ પાર ઉતારવું દુષ્કર હતું.

અતઃ રોજ એકાદ બે ગીત લખું. બાળકો પાસે ગાઉં, એટલે કે પરીક્ષા આપવા બેસું. જો બાળકો પણ સાથે સાથે ગાય, એમનાં મોં પ્રફુલ્લ થાય તો બાળકાવ્ય અને હું ફુલ્લી પાસ ગણાઈએ. બાળકો છેતરાય નહીં. એમનામાં પ્રામાણિકતાનો આંક ઘણો ઊંચો. સગા બાપની ય શરમ ન રાખે. કૃતિનિષ્ઠ વિવેચન કરે, એમની આગવી રીતે. ઊઠીને ચાલતાં થાય કે રમવા દોડી જાય તો મારે સમજવાનું કે પરીક્ષામાં બહુ ખરાબ માર્ક્સ સાથે હું નાપાસ થયો છું.

— આમ પડતો આખડતો આ ‘હાઉક’ સુધી પહોંચ્યો છું.

‘હાઉક’નાં બધાં ગીતો આમ તો નેહા–નીરજની કસોટીમાંથી ઉત્તીર્ણ

થયેલાં છે. પરંતુ મારે બાકીના નેહા-નીરજના વિશાળ સમુદાય સમક્ષ પરીક્ષા આપવા બેસવાનું છે. માની લો કે તેથી આ બેઠો —

આમાં જો ઉત્તીર્ણ થઈશ તો તેનો યશ ખાસ કરીને રઘુવીર ચૌધરી અને ઘનશ્યામ દેસાઈને ઉપરાંત હરિકૃષ્ણ પાઠક, નિશીથ સરવૈયા, ડૉ. પ્રફુલ્લ ગાંધી, ડૉ. પી. એમ. કેશવાણી, ડૉ. ભરત પંડયાને અને નેહા-નીરજને છે.

અને છેલ્લે, જેમણે આ પુસ્તકનું આવરણચિત્ર અંગત રસ લઈ તૈયાર કર્યું છે તે મિત્ર ગજેન્દ્ર ભટ્ટના નામનો ઉલ્લેખ પણ કરી લઉં.

**■ રમેશ પારેખ**
**૧૪ મે ૧૯૭૯**
**ભાટિયા શેરી, કવિશ્રી હંસ માર્ગ, અમરેલી-૩૬૪૬૦૧**

□

## દાદાજી કહેતા એ વાત...

દાદાજી કહેતા એ વાત મારી સાંજના દીવે અજવાસની વેળા
મિંચાતી આંખ મારી સાત સાત
દરિયાના ઘુઘવાટો પાર જઈ ખૂલે
પરીઓનો દેશ મારાં ચરણોની
આસપાસ હરિયાળા ઘાસમાં ઝૂલે
મુઠ્ઠી ખોલું ને મારા હળવાફૂલ હાથમાં પહાડો ને ખાણું ઊગે ભેળાં
ખૂલતે દરવાજે કાંઈ કિરણોના
મ્હેલની કુંવરીનું વ્હાલ ઢળે એવું
છલકીને વહી જાતાં હું ને મન
બેઉ, જેવું વરસાદે વહી જાતું નેવું
આવે નહીં યાદ પછી પાદરની આંબલી કે ચગડોળે ઘૂમતા ઈ મેળા

☐